:

# ટપંક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખપત્ર

વર્ષ : ૨ અંક : ૧ જાન્યુઆરી,૨૦૦૦

સંપાદક ટીમ
પ્રકાશ ભટ્ટી
દયા ચૌહાણ
વજુ ગોવિંદીયા
ધર્મેન્દ્ર મહેતા

## ધર્મજીવન જલસંચય અભિયાન

ૠષિ મુનિ ઓ દ્વારા સ્થપાયેલી ગુરૂકુલ પરંપરાને ૧૯૪૭માં પુનઃજીવિત કરનાર સ્વમિનારાયણ સંપ્રદાયના સંત પુ.શાસ્ત્રી ધર્મજીવનદાસજીની જન્મ ભૂમિ તરવડા (અમરેલી)મુકામેથી ધર્મજીવન જલસંચય અભિયાન શરૂ કરવામાં આવયુ.૧૪ જાન્યુઆરી મકર સક્રાંતિના પર્વ દિને તરવડા મુકામે મા.મુખ્ય મંત્રીશ્રી કેશુભાઈ પટેલની ઉપસ્થિતિમાં ધર્મજીવન સરોવરનુ ખાત મુહર્ત કરવામા આવ્યુ.આ ઉપરાંત મેડી,મોટા માંડવડા,મોટા ભંડારીયા સહિત ૧૧ ગામોમા જલમંદિરબનાવવા માટેના પાયાની પુંજનવાળી ઈંટ અને જલમંદિર દીઠ એક એક ટ્રક સીમેન્ટ સ્વા.ગુરૂકુલ તરફથી આપવામા આવી. સૌરાષ્ટ્રની જળ સમસ્યા વિશે ગત અંકમા વિસ્તૃત ચર્ચા કરવામા આવી હતી. તેમા ધાર્મિક અને મિશનરી ના ધોરણે ચાલતા કામોની વાત થઈ શકી નહોતી. તેના સંદર્ભમાં વાત કરીએ તો એક અભિયાન સાથે આસંસ્થાએ કામ ઉપાડયુ છે. છેલ્લા ૧૦ વર્ષથી આ સંસ્થાના વરિષ્ઠ સંત પુ.શાસ્ત્રી શ્રી માધવપ્રિય દાસજીએ જળસંગ્રહ માટે આહલેક જગાવી છે. સ્વા.ગુરૂકુલ સ્થાપના કાળથી સદવિદ્યાની સાથે સમાજસેવામા પણ જોડાયેલ છે.ઉપરોકત કાર્યક્રમમાં શાસ્ત્રીજીએ ભાવ વિભોર થઈને જણાવ્યુ હતુ કે, સવર્ણથી માંડીને છેવાડાના માણસ સુધી અને હિંદુથી લઈને મુસ્લીમ સુધીના તમામ ધર્મોએ અસ્તિત્વના આ પશ્ને એક થવુ પડશે. અને સાથે મળીને કામ કરવા પડશે. મંદિરો ખૂબ બાંધ્યા હવે જળમંદિર બાંધો તેવી અપીલ સંપ્રદાયના ભકતજનોને કરી હતી.આવી જ રીતે ૫ વર્ષ પહેલા મોટા માંડવડા મુકામે ખેડૂતોને કુવા રિચાર્જ કરવામાટે પ્રેરણા આપી હતી તે વખતે ગરીબ ખેડૂતોને આર્થિક સહાયતા પણ ગુરૂકુલ દ્વારા આપવાની વાત કરતી વખતે તેમણે જણાવ્યુકે આ સાધુ તમારી પાસે કશુ માગવા નથી આવ્યો કંઈક આપવા આવ્યો છે તો તેને સાર્થક બનાવજો.માત્ર સરકાર ઉપર આધાર રાખ્યા વિના ગામડાએ સ્વ નિર્ભર અને આત્મ નિર્ભર બનવા જાતે પુરૂષાર્થ કરવો પડશે.પુરૂષાર્થ એ જ પ્રારબ્ધ છે લોકો પોતાની સમસ્યાનુ પોતાની રીતે નિવારણ ન કરી શકે ત્યાં સુધી આપણો ભારત સમાજ વિશ્વની મહાસતા ન બની શકે શાસ્ત્રીજીએ શ્રમદાનનો મહિમા સમજાવતા કહયુ કે, ભગવાન સ્વામિનારાયણ હંમેશા કહેતા કે તમે સમાજનુ દીધેલુ ભોજન અને કપડા વાપરો છો તો તમારુ પણ સમાજ પ્રત્યે કર્તવ્ય બને છે. આ કર્તવ્યના ભાગ રૂપ આ જળસંચય અભિયાન આદર્યુ છે.તો મકરસક્રાંતીને જળક્રાંતિમાં ફેરવીએ. તરવડા ગામે શાસ્ત્રીજી જેવા સંત ઉપરાંત રતુભાઈ અદાણી, ઈસ્માઈલભાઈ નાગોરી જેવા રાષ્ટ્રપ્રેમીઓ પણ આપ્યા છે. આ પ્રસંગે ગુરૂકુલના ટ્રસ્ટીશ્રી નવીનભાઈ,શ્રી કનુભાઈ માવાણી, ભારે ઉદ્યોગો અને જાહેર સાહસોના કેન્દ્રીય મંત્રી શ્રી વલ્લભભાઈ કથીરીયા, કૃષિ મંત્રી શ્રી બેચરભાઈ ભાદાણીના હસ્તે ધર્મજીવન બાગ તથા આઝાદ બાગ નુ વૃક્ષારોપણ, ધર્મજીવન પુસ્તકાલય, ધર્મજીવન પ્રવેશદ્વાર નુ પ્રતિકાત્મક ઉદઘાટન વિ. કાર્યક્રમો યોજાયા હતા.

મા.મુખ્ય મંત્રીશ્રી કેશુભાઈ પટેલએ પણ લોકોને પીવાના પાણીની મુશ્કેલીનુ આ છેલ્લુ વર્ષ છે તેમ જણાવી તાણા વાણાની ખુબજ સરસ વાત કરી.તાણો અને વાણો ભેગો થાય તો કાપડ બને તેમ ધર્મ એ તાણો છે ,સરકાર અને સમાજ વાણો બને તેવા વિકાસની આ ગુંથણી વાળા સમાજની રચના કરવાની છે.પાણીની સમસ્યાના ઉકેલ માટેની વિગતો આપતા જણાવ્યુ કે ૬૦% રકમ સરકારની અને ૪૦% રકમ લોકભાગીદારીથી ઉભી કરી ગામડાઓમા વધુમા ચેકડેમ બાંધવા લોકોને અપીલ કરી હતી આ માટે રૂ. ૧૦૦ કરોડની ફાળવણી કરવામા આવી છે.

## વિશ્વ મંગલ મહોત્સવ

સ્વા. ગુરૂકુલ અમદાવાદથી પધારેલ સ્વામી બાલકૃષ્ણ દાસજીએ વિશ્વ મંગલ મહોત્સવની ઉજવણી ની વિગતો આપતા જણાવ્યુ કે, ભગવાન સ્વામિનારાયણને ૨૦૦ વર્ષ, શિક્ષાપત્રીને ૧૦૫ વર્ષ તથા શાસ્ત્રીજી મહારાજને ૧૦૦ વર્ષ પુરા થતા હોય અને સાથે સાથે આ મિલેનીયમનુ છેલ્લુ વર્ષ હોય ૨૧મી સદી ને આવકારવા આ મહોત્સવનુ આયોજન કરવામા આવ્યુ છે.આ મહોત્સવની ઉજવણી ૨૧થી ૨૭ ડીસેમ્બર–૨૦૦૦ દરમ્યાન કરવામા આવશે તેવી જાહેરાત પુ. સ્વામી શ્રી દેવકૃષ્ણ દાસજીએ કરતા ભકતજનોના હર્ષોલ્લાસ વચ્ચે તાળીઓ,ફટાકડા,સંગીત અને નૃત્યથી તેને વધાવવામા આવી હતી.

**જીભે હરિનુ નામ,હાથે હરિના કામ– શાસ્ત્રી માધવ પ્રિય દાસજી**

## વોટરશેડ યોજના

ગુલાબસિંહ વસાવા નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના તેલીઆંબા ગામનો નાનકડો ખેડુત છે. તેની પાસે સાડા ત્રણ એકર જમીન છે. પહેલેથીજ ઢોળાવવાળી એવી જમીન ચોમાસામાં દર વર્ષે ધોવાતી જાય,પરિણામે જમીન તેનું સત્વ ગુમાવવા લાગી અને તેની ઉત્પાદકતા તો પહેલેથી ઓછી હતી .ગુલાબસિંહ પોતાની જમીનનું ધોવાણ અટકાવવા માટે સતત ચિંતિત રહેતા. એવામાં તે વિસ્તારમાં કાર્યરત સ્વૈચ્છિક સંસ્થા 'આગાખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ (ભારત)' દ્વારા ભારત સરકારની વોટરશેડ યોજના હેઠળ લાભાર્થી ઓની ભાગીદારી સાથે જુદાં જુદાં કામો શરૂ થયા. ગુલાબસિંહના ખેતર પાસે આ યોજના અંર્તગત નાળાપ્લગીગ(નાળામાં પથ્થરની પાળ)અને કન્ટુર બન્ડીગ (ખેતરમાં પાળા)નું કામ થયું. પરિણામે, જમીનનું ધોવાણ અટકયું અને જમીનને ભેજ મળવાથી પાકનું ઉત્પાદન વધ્યું. ગુલાબસિંહને કપાસ અને અન્ય પાકોમાં ત્રણ ગણો ફાયદો થયો.

જયેસિંગ ગેબુભાઈ વસાવા સાગબાર તાલુકાના બર્કતુરા ગામનો ખેડુત છે. પોતાની બે એકર જમીનમાં કશું પાકે નહી તેથી જયેસિંગે અન્ય ખેડુતોને ત્યાં ખેતમજૂરી કરીને પોતાના કુટુંબનું ભરણ પોષણ કરવું પડતું આખું વર્ષ તનતોડ મજૂરી કરે ત્યારે વાર્ષિક ૨૫૦૦ રૂપિયા તેને મળતા .પરિણામે સાગબારાના વેપારીઓ પાસેથી ૫૦% જેટલા ઉંચા વ્યાજે ઉછીનાં નાણાં લાવવા પડતા. યોજના અંતર્ગત જયેસિંગ ના ખેતરમાં પાળા બાંધવાથી જીવન જ જાણે બદલાઈ ગયું ! ખેતરમાં પડેલા નાના–નાના પથ્થરો વીણીને તેનો પાળ બાંધવામાં ઉપયોગ કરવામાં આવ્યો.તેથી ખેતરમાં ખેડ સારી રીતે થઈ શકી અને પથ્થરોનો યોગ્ય ઉપયોગ પણ થઈ શકયો.વળી, પાળ બાંધવાથી જમીનનું ધોવાણ અટકયું અને પાકનું ઉત્પાદન પણ વધ્યું. પાળને લીધે કાંપનો સંગ્રહ થવાથી આવું અદભુત પરિણામ જોવા મળ્યું હતું.અને પાકનું ધાર્યા કરતાંય વધારે સારું પરિણામ મળવાથી જયેસિંગ પોતાના તમામ દેવા ચૂકવી શકયો .

ઉપરોકત બે ખેડુતો જેવા ગુજરાતના અનેક ખેડુતોને આ યોજના અંતર્ગત થયેલાં કામોમાંથી લાભ થયો છે. લાભાર્થીઓ જાતે જ જુદા જુદા કામ કરવાનું નકકી કરી કામનું આયોજન કરે છે એ આ યોજના હેઠળ થતાં કામોની વિશેષતા છે. સ્વૈચ્છિક સંસ્થા 'ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર' અને 'ચરખા'ના નેજા હેઠળ ગુજરાતમાં જળસ્ત્રાવ વિસ્તાર વિકાસ કાર્યક્રમ અંતર્ગત થયેલા દ્રષ્ટાંતરૂપ કામોનું દસ્તાવેજીકરણ થઈ રહયું છે.દસ્તાવેજીકરણના અહેવાલ મુજબ ભરૂચ જિલ્લામાં નેત્રંગ સ્થિત સ્વૈચ્છિક સંસ્થા 'આગાખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ (ભારત)' ના નેજા હેઠળ નર્મદા જિલ્લાના સાગબાર તાલુકાના સેલંબા કલસ્ટરનાં ૨૨ ગામોમાં વોટરશેડ યોજના અંતર્ગત કામગીરી હાથ ધરવામાં આવી છે.બર્કતુરા, તેલીઆંબા,નેવડીઆંબા,ઉમરાણ,ખૈરપાડા,આવલીકુંડ, પરોડી,પીપરીપાડા,ચીકલી,નરવાડી,રછવાડા,નાની દેવરૂપણ,કુયાલા, ઉભારીયા,બોરડીફળી,પુજારીગઢ,મોટા કાકડીઆંબા, નાલ,ખોપી,પાડી,નાની નાલ અને હલગામ એમ ૨૨ગામોમાં મુખ્યત્વે વસાવા આદિવાસીઓની વસ્તી છે. આ ગામોમાં જમીનનું ધોવાણ થવાની મુખ્ય સમસ્યા છે. મોટા ભાગે ભાત (ડાંગર),જુવાર,મકાઈ,કપાસ અને સોયાબિનનો મુખ્ય પાક ધરાવતા આ આદિવાસી વિસ્તારના લોકોનું જીવન ધોરણ સહેજે સારું ન ગણી શકાય.જમીનનું સતત ધોવાણ થતું હોવાથી પાકનું ઉત્પાદન ખુબ જ ઓછું થાય. વહી જતા પાણીને વ્યવસ્થિત રીતે ચોકકસ જગ્યાએ રોકીને તેનો અસરકારક ઉપયોગ કરવાની કામગીરી વોટરશેડ યોજના હેઠળ કરવામાં આવે છે. યોજના હેઠળ ૨૨ ગામોમાં પથ્થરની પાળ બાંધવાનું, વનીકરણ અંતર્ગત જુદા જુદા રોપા ઉછેરવાનું અને મહિલા મંડળો સ્થાપવાનું કામ થયું છે.યોજના હેઠળ બાંધવામાં આવેલી પથ્થર પાળથી જળ અને જમીનનું ખુબ સફળતા પૂર્વક સંરક્ષણ થઈ શકયું છે તે નોંધપાત્ર બાબત છે. જળ અને જમીન સંરક્ષણની કામગીરી નો લાભ સ્થાનિક ૩૫૦૦ થી વધુ કુટુંબોને મળ્યો છે. આ તો થયા જળ અને જમીનના દેખીતા લાભો.યોજના અંતર્ગત આદિવાસી મહિલાઓમાં જાગૃતિની ભાવના ઉજાગર થઈ છે તે આ યોજનાની સૌથી મહત્વની બાબત છે સ્થાનિક ગામોમા મહિલા બચત મંડળો રચાયા છે તેથી ગ્રામિણ શ્રમજીવી મહિલાઓ નિયમિત રૂપે યથા શકિત બચત કરતી હોય છે ટીપેટીપે સરોવર ભરાય એમ થોડી થોડી બચતમાથી ૨૨ ગામોના મહિલા બચત મડળોએ ૯ લાખ જેટલુ માતબર ભંડોળ એકત્ર કર્યુ છે આ ભંડોળમાંથી હવે સભ્ય મહિલાઓ બીમારી પ્રસંગે ,ખાતર બિયારણની ખરીદી માટે , કોઈ નાનો વ્યવસાય શરુ કરવા માટે અને સામાજિક પ્રસંગો માટે ધિરાણ પણ મેળવે છે ધિરાણની રકમ ઉપર ૨% વ્યાજ લેવામા આવે છે અને વ્યાજની એ આવક બચત ભડોળમા જ જમા થાય છે આમ, નજીવા વ્યાજે શ્રમજીવી મહિલા પોતાનુ કામ કરી શકે છે

ખેતરમાં નિંદામણ કરવુ હોય કે પછી કુટુબમા કોઈ બિમાર હોય ત્યારેંનાણા વગર ગાડુ કેમ ગબડે ! જયારે વોટરશેડ યોજના અમલમાં આવી નહોતી અને બચત મંડળો પણ નહોતા ત્યાર તાલુકા મુખ્ય મથક સાગબારાના વેપારીઓ પાસેથી ૫૦% વ્યાજ ચુકવીને નાણા ઉછીના લાવવા પડતા. ૫૦% જેટલુ ઉંચુ વ્યાજ એટલે ૧૦૦૦રૂ. ઉછીના લીધા હોય તો ૧૫૦૦ રૂ. પરત ચુકવવા પડે. આમ, મહિલા બચત

**પ્રશંસાને કાનથી પીવી એના જેવુ મોટુ કોઈ પાપ નથી – મહાભારત**

મંડળોએ મહિલાઓને વ્યાજખોરીના શોષણમાંથી ઉગારી છે. યોજનાનુ સૌથી સારુ પરિણામ ખૈરપાડા ,બર્કતુરા અને તેલીઆંબા ગામમાં જોવા મળે. ત્રણેય ગામોમાં અને સમગ્ર વિસ્તારમાં દારૂનુ ભારે વ્યસન જોવા મળતુ. આ ગામના યુવાન છોકરાઓ હોય કે મોટેરાઓ,અરે કેટલાક ગામોમાં તો ગામની મહિલાઓને પણ દારૂ નિયમિત પીવા જોઈએ દારૂ ગાળવાની ભઠી પણ તમને ઠેરઠેર જોવા મળે . પરંતુ આજે દારૂ ગાળનારને ૩૦૫૧/ રૂપિયા દંડ થાય છે અને દારૂ ગળાય છે તેવી બાતમી આપનારને ૫૧/ રૂપિયા આપી દારૂબંધી માટે પ્રોત્સાહન આપવામાં આવે છે.તેથી મોટાભાગના ગામોમાં દારૂ ગાળવાનું બંધ થયું છે. .

દારૂના અઠંગ બંધાણીઓમાં અચાનક કેવીરીતે પરિવર્તન આવી ગયુ એમ આપણને પશ્ન થાય તો આ દારૂ બંધીનો વોટરશેડ યોજનાને ,મહારાષ્ટ્રના સેસરાવ મહારાજને અને મહારાષ્ટના જ એક આદર્શ રાલેગણ સિધ્ધિના પ્રેરણા પ્રવાસને આપવો પડે .દારૂબંધી અંગે સ્થાનિક તાલુકાના પ્રમુખ અને બર્કતુરા ગામના અગ્રણી શિવાજીભાઈ ગામિત કહે છે તેમ, વોટરશેડ યોજનાને પરિણામે સ્થાનિક લોકોમાં પોતાનાં વિકાસ અંગે જાગૃતિ આવવાથી દારૂની લત છુટી ગઈ .રાલેગણ સિધ્ધિના પ્રવાસથી પણ દારૂના બંધાણીઓની આંખ ઉઘડી હતી. વળી, સ્થાનિક આદિવાસીઓમાં પ્રચલિત સેસરાવ મહારાજની દારૂ છોડી દેવાની અપિલને કારણે પણ મોટા ભાગના લોકોએ દારૂછોડી દીધો છે.

બર્કતુરા, ખૈરપાડા અને તૈલીઆંબા એ ત્રણેય ગામોમાં વોટરશેડ યોજનાને પરિણામે ૯૦%મહિલાઓ મહિલા મંડળ ની સભ્ય બની છે અને બેંકમાં નાણાની લેવડ દેવડ માટે હિંમતભેર જતી થઈ છે.વોટરશેડ યોજનાનાં કામોમાં સ્થાનિક લોકોને રોજગારી ઉપલબ્ધ થઈ છે. પરિણામેરોજગારી માટે થતુ સ્થળાંતર સદંતર અટકી ગયુ છે. એકલા તેલીઆંબા ગામમાંથી અડધાઅડધ લોકો સુરત અને વલસાડ જિલ્લામાં ખેતમજુરી માટે સ્થળાંતર કરતા. જયારે આજે ગામમાંજ રોજગારી મળી રહે છે તેથી એકપણ વ્યકિતને પેટીયુરળવા માટે સ્થળાંતર કરવું પડતુ નથી પોતાના બાળકોને પણ હવે તેઓ શાળાએ મોકલી શકે છે.

સમગ્ર ગુજરાતમાં અને ભારતમાં વોટરશેડ યોજના અંતર્ગત જળ અને જમીન સંરક્ષણની અસરકારક કામગીરી થઈ રહી છે એ બધા માં સાગબારા તાલુકાનું સેલંબા કલસ્ટર નોખુ તરી આવે છે .કારણકે અહિ ૧૧ વોટરશેડ પ્રોજેકટ ના ૧૧ સંગઠનોએ તાલુકા કક્ષાનો પોતાનો સંઘ રચ્યો છે. મહિલા બચત મંડળો અને ગ્રામ વિકાસ મંડળોને ટકાવી રાખીને તેને અસરકારક ટેકો આપવાના હેતુ સાથે આ સંઘ રચાયો છે. વોટરશેડ યોજનાની મુદત પુરી થાય ત્યારે આ ગ્રામિણ સંગઠનો સ્વાવલંબી બનીને પોતાના પ્રશ્નોનો જાતેજ ઉકેલ લાવતા થાય તે માટે તેમનો પોતાનોજ આ સંઘ રચવામા આવ્યો છે. ગ્રામિણ શ્રમજીવીઓ આર્થિક પ્રવૃતિઓ યોજીને અને માહિતીની આપલે કરીને જાતેજ પોતાનો વિકાસ સાધે તે માટે આગાખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ દ્વારાઆવો ઉમદા વિચાર રજુ થયો હતો. આમ, વોટરશેડ યોજનાએ સાગબારા તાલુકાના ગામોમાં જાગૃતિ અને વિકાસનો જયઘોષ જગાવ્યો છે. અબુધ અને પછાત ગણાતા આદિવાસીઓને વોટરશેડ યોજનાએ પોતાના વિકાસની પગદંડીએ કદમ માંડતા કરી દીધા છે એકંઈ નાનીસુની વાત નથી.

## જેન્ડર તાલીમ, બહેનોની અપેક્ષાઓ પર આયોજન

તા. ૫–૧૦ જાન્યુઆરી દરમ્યાન આનંદી દ્વારા રાજકોટ ખાતે જેન્ડર પ્રશિક્ષણ તાલીમ યોજાઈ જેમા સંસ્થાના ભારતી પટેલ જોડાયા હતા.

ડીસેમ્બરમા યોજાયેલ સૌરાષ્ટ્ર સહિયર મેળા માં બચતના માધ્યમથી સંગઠીત બહેનોએ પોતાના વિસ્તારની રજુ કરેલ સમસ્યાઓ દરમ્યાન જે અપેક્ષાઓ બહાર આવી તેમાં ખાસ કરીને આરોગ્ય અને શિક્ષણના મુદાઓ ઉપસી આવ્યા હતા.આરોગ્ય અને શિક્ષણની પાયાની સુવિધાઓ પુરી પાડવા માટે ખૂટતી કડીઓ જોડવા સ્વૈચ્છિક રીતે શું આયોજન થઈ શકે તે માટે તા.૨૪ જાન્યુઆરી ૨૦૦૦ ના રોજ રાજકોટ ખાતે સ્વૈ.સંસ્થાઓની બેઠક માં જુથ આગેવાનોની જે રજુઆતપર કાર્યક્રમ ઘડવા નકકી થયુ.

## સૌરાષ્ટ્ર મૈત્રી મંચ

તા. ૧૭ જાન્યુઆરી ૨૦૦૦એ ગાંધી શ્રમ સંસ્થાન ખાતે પાણી માટે કાર્યરત સ્વૈ.સંસ્થાઓએ ભેગા મળી છેલ્લા ૪ વર્ષમા જુદા જુદા પ્રકારે જુદા જુદા વિસ્તારમા થયેલ જળ સંરક્ષણની કામગીરીની વિગતો એકત્ર કરવા અને તેના આધારે પાણીના ભૂગર્ભ સ્તરની સ્થિતિ, ખેતિની આવક પર થયેલ અસર અને જનજીવનના સ્થળાંતરની બાબતનો અભ્યાસ કરવા અને તેની યોગ્ય રજુઆત માટે રૂપરેખા તૈયાર કરવામા આવી. વાચક મિત્રોને વિનંતી કે આપના વિસ્તારમા થયેલ આ પ્રકારની કામગીરીની વિગતો આ મંચનેપહોચાડવામાં મદદ કરે સંપર્ક : સેન્ટર ફોર રૂરલ કેર, એફ/૨૨–શ્રીનાથજી ડુપ્લેક્ષ, વ્હાઈટ ચર્ચ પાસે, ફતેગંજ વડોદરા.(ફોન ૭૮૫૭૨૪,૭૯૧૫૯૬)

## વર્ધમાન જીવદયા કેન્દ્ર

૬–૭ જાન્યુઆરી દરમ્યાન ગોમય દુધ,દહી,છાણ,મુત્રમાંથી બનતી જીવન આવશ્યક દવાઓની પ્રશિક્ષણ શિબીર યોજાયેલ છે. સંપર્ક :વર્ધમાન જીવદયા કેન્દ્ર,લુણી પાંજરાપોળ મુ. લુણી, તા. મુન્દ્રા (કચ્છ). ફોન : ૦૨૮૩૮–૮૧૧૩૬

## યુવતિ વિકાસ કેન્દ્ર

જાન્યુઆરી ૨૦૦૦ મા બંસીધર વિદ્યાલય–અમરેલી, શેડુભાર શાળા કંપાઉન્ડ અને ગાંધી વિદ્યાલય–રબારીકા ખાતે આ કેન્દ્ર દ્વારા જુથ કાઉન્સેલીંગ યોજવામા આવેલ. અનુક્રમે તા. ૩,૯ અને ૧૫ ના રોજ યોજાયેલ આ કાર્યક્રમમાં આરોગ્ય બાબતના માર્ગદર્શનમા ૬૨ બહેનો તથા કાનુની વિષયક માર્ગદર્શનમાં ૨૦ બહેનો જોડાઈ હતી.

કમિશ્નર, મહિલા અને બાળવિકાસના સહયોગથી ચાલતા આ કેન્દ્રમાં કામકાજના સમય ૧૦ થી ૬ દરમ્યાન જુદી જુદી મુંઝવણો માટે ૨૨ બહેનોએ નિરાકરણ મેળવ્યુ. જેમાં ખાસ કરીને આ વય જુથની કિશોરી તથા યુવતિઓની માનસિક વિટંબણાઓ, કારકીર્દી–વ્યવસાય અંગે ઉપરાંત યાદ ન રહેવુ, વાળ સફેદ થવા, માસિક દરમ્યાનની પીડા–અનિયમિતતા, શારિરીક ફેરફાર, જાતિગત અસમાનતા બાબતે કેન્દ્રએ બહેનો સાથે વ્યકિતગત વાર્તાલાપ દ્વારા તેઓની મુઝવણો દુર કરવામા આવી હતી.અમરેલીથી ૮૬ કિ. મી. ના અંતરે આવેલા જિલ્લાના છેવાડના ગામની બહેનો દયા, મનીષા વિ.એ કેન્દ્રની મુલાકાત લઈ જણાવ્યુ કે અમારા વિસ્તારમાથી બહેનોને અમરેલી આવવુ ખૂબજ દુર થાય છે તો મહિનામા એક વાર કો–ઓર્ડીનેટર બહેન તથા તજજ્ઞશ્રીઓ વિસ્તારમા આવી વ્યકિતગત તથા જુથમા માર્ગદર્શન આપવા આવે તેવી અપેક્ષા દર્શાવી હતી જેના ભાગ રુપે છેલ્લા બે માસથી રબારીકા મુકામે આ કેન્દ્રની બેઠક યોજાઈ છે, વ્યકિતગત સંપર્કપણ કરવામા આવે છે. છેલ્લા ચાર વર્ષના સંસ્થા દ્વારા ચાલતા આ કેન્દ્રના પ્રચાર તથા જુથ સભાઓના પરિણામે કેન્દ્રની ખરેખર કામગીરી શરુ થઈ શકી છે. હવે કેન્દ્રપર બહેનો નિઃસંકોચ આવે છે.

## જળસ્ત્રાવ વિસ્તાર વિકાસ કાર્યક્રમ

કાર્યક્રમના ૧૦ ગામોમા અંતિમ તબકકાની કામગીરી ચાલી રહી છે. ૨ા વર્ષના ગાળા દરમ્યાન ૬૦ % કામગીરી પુર્ણ થઈ છે. અનુદાનની નિયમિત ફાળવણી થશે અને કાર્યક્રમની મુદત માર્ચ પછી લંબાવવામા આવશે તો આગામી ૬ માસમા ૧૦૦ % કામગીરી પુર્ણ થઈ જશે અને તો જ આ યોજનાના પુરે પુરા લાભો આવતા ચોમાસા પછી જોઈ શકીશુ. જાન્યુઆરી દરમ્યાન યોજના હેઠળ ગામલોકોએ તૈયાર કરેલા પાકા સ્ટ્રકચરો ઉપરતેની વિગતો લોકો વાંચી શકે તે માટે બોર્ડ તૈયાર કરવામા આવ્યા છે. નવા ફાળવેલા ૩ પ્રોજેકટમા મંડળ અને સમિતીઓની રચના તથા રજીસ્ટ્રેશન ની કામગીરી હાથ ધરવામા આવી છે. સાથે સાથે એન્ટ્રી પોઈન્ટના કામો અને એકશન પ્લાન તૈયાર કરવા સંબંધી સંવાદ ગામ લોકો સાથે ચાલી રહયો છે. પ્રોજેકટ હેઠળના ગામોમાં ઉપભોકતા–સ્વાશ્રયી જુથો પૈકી ૨૨ બચત મંડળો સક્રિય રીતે કાર્ય કરી રહયા છે, તેઓ અંદરો અંદર બચત ધિરાણ કરી રહયા છે. ૧૧ મંડળોએ બેંક સાથે જોડાણ કર્યુ છે. બાકીના ૧૧ મંડળોને માર્ચ ૨૦૦૦ સુધીમા બેંક સાથે જોડવાનો લક્ષ્યાંક છે. આ જુથો પોત પોતાના ગામના વિકાસના પ્રશ્નો ઉઠાવતા થયા છે.

## કલરવનુ ઘર

હર્ષદભાઈ ચંદારાણા રચિત કલરવનુ ઘરકાવ્ય સંગ્રહ માટે વાચક શ્રી હર્ષદસિંહ વાળાએ ટપક ને પાઠવેલ પત્ર અનુસાર કાવ્ય સંગ્રહની વિગતો મંગાવી છે. આકાવ્ય સંગ્રહ કલરવના ઘર માટે શ્રી હર્ષદભાઈ ચંદારાણા, આશા ટ્રેડીગ, મહાત્મા ગાંધી રોડ, અમરેલીનો સંપર્ક કરવાથી વધુ વિગતો પ્રાપ્ત થઈ શકશે.

Printed by Dhiren Vagadia and Published by Dhiren Vagadia on behalf of Educational & Social Welfare Centere and Printed at Devkamal Computers- Amereli and Published at Amreli, Editor Dhiren Vagadia.

**Book -Post,Printed Matter**
**Post Regn. No. G/AMI-91/99**

ESC

પ્રતિશ્રી, ______________________

ટપક કાર્યાલય
**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર**
૯૫,જલારામનગર–૨ અમરેલી
☎(૦૨૭૯૨)૨૩૫૨૫,૨૦૬૩૫

**ધર્મ વગરનું વિજ્ઞાન લંગડુ છે,વિજ્ઞાન વગરનો ધર્મ આંધળો છે.–આલ્બર્ટ આઈન્સ્ટાઈન.**